સંગ્રામ ગુજરાતનો

મતદારોની નિરસતા જોતા મતદાન વધારવા પ્રયાસ

૨૦૧૭ની સરખામણીએ રાજ્યમાં મહિલા મતદારોની સંખ્યા ૩૦ લાખ વધી : ૨૦૧૭માં ગુજરાતમાં સરેરાશ ૬૮.૪૧% મતદાન થયું હતું, જેમાં મહિલાઓનું મતદાન ૬૬.૦૯ ટકા અને પુરુષોનું મતદાન ૭૦.૫૪ ટકા હતું

વડોદરા, તા.૨૯

કેન્દ્રીય ચૂંટણી પંચે તારીખ ૧૦ નવેમ્બરે આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરી છે જેમાં આ વખતે કુલ ૪,૯૦,૮૯,૭૬૫ મતદારો નોંધાયા છે. જે પૈકી ૨. ૩૭ કરોડથી વધુ મહિલા મતદારો છે. ૨૦૧૭ કરતાં આ વખતે મહિલા મતદારોની સંખ્યા ૩૦ લાખ વધી છે. મોંઘવારી વધતા રસોડાના બજેટ ખોરવાતા ભાવ વધારાથી અને મહિલા સુરક્ષા મુદ્દે દાઝેલી મહિલાઓ આ વખતે મતદાનમાં કેટલો ઉત્સાહ દાખવે તે સવાલ છે. ખાલીખમ સભાઓ અને નીરસ પ્રચારથી ઓછા મતદાનની અટકળો થઈ રહી છે.એમાંય મહિલાઓ આવા માહોલમાં શું કરે છે તેના પર સૌની મિટ છે. ગઈ ચૂંટણીમાં ૨૦૧૭માં ગુજરાતમાં સરેરાશ ૬૮.૪૧% મતદાન થયું હતું. જેમાં મહિલાઓનું મતદાન ૬૬.૦૯ ટકા અને પુરુષોનું મતદાન ૭૦.૫૪ ટકા હતું. ફક્ત બે જ જિલ્લા વલસાડ અને ડાંગમાં પુરુષ કરતાં મહિલાઓનું મતદાન વધુ હતું .જો કે દર ચૂંટણી વખતે મતદાન જાગૃતિ માટેના કાર્યક્રમો યોજાય છે, પરંતુ તેના કારણે મતદાન અપેક્ષા મુજબ થતું નથી. એમ એસ યુનિવર્સિટીમાં મહિલાઓ માટે મતદાર જાગૃતિ પરિસંવાદનું જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આયોજન થયું હતું. લોકોને લોકશાહી ,તેમાં મતદાન અને નાગરિકોની ભૂમિકા વિશે સારી ખબર હોવા છતાં તેના પ્રત્યે ઉદાસીન વલણ રહે છે. એટલું જ નહીં મતદાન કરવાનું ટાળે છે. ગઈ ચૂંટણીમાં વડોદરા શહેરની બેઠકો કરતા વડોદરા ગ્રામ્યમાં આવેલી વિધાનસભા બેઠકો પર વધુ મતદાન થયું હતું. કન્યા શિક્ષણ જેટલું જ મહત્વનું છે, મહિલાઓ દ્વારા થતું મતદાન. મતદાન કરી મહિલાઓ પોતાના બાળકોમાં લોકશાહીના ગુણોનું સિંચન કરે તેના પર આ પરીસંવાદમા ભાર મુકાયો હતો.

મારો ક્રમ સાત, ઉપરના છ નંબરના છક્કાઓ છે: મધુ શ્રીવાસ્તવ

મધુ શ્રીવાસ્તવે ચૂંટણી પ્રચાર દરમિયાન સભાને સંબોધતા મતદારો સમક્ષ આ નિવેદન આપી વધુ એક વિવાદ ઊભો કર્યો

વડોદરા, તા.૨૯

વડોદરા જિલ્લાની વાઘોડિયા બેઠક પર અપક્ષ ઉમેદવારી કરનારા દબંગ નેતા મધુ શ્રીવાસ્તવનું વધુ એક વિવાદિત નિવેદન સામે આવ્યું છે. મધુ શ્રીવાસ્તવે કહ્યુંકે, ઈવીએમ મશીનમાં મારો ક્રમાંક સાત નંબર નો છે અને ઉપરના બીજા છ નંબરના તો છક્કાઓ છે. તેથી તમે મારા સાત નંબરના ક્રમાંક વાળું જ બટન દબાવજો. અને બીજા મતદારોને પણ કહી દેજો કે સાત નંબરનું બટન જ દબાવે. મધુ શ્રીવાસ્તવે ચૂંટણી પ્રચાર દરમિયાન સભાને સંબોધતા મતદારો સમક્ષ આ નિવેદન આપ્યું હતું. મધુ શ્રીવાસ્તવે વાઘોડિયા મતવિસ્તારમાં આવતા જરોદ ગામમાં ચૂંટણી પ્રચાર દરમિયાન સભાને સંબોધતી વખતે આ પ્રકારનું વિવાદિત નિવેદન આપ્યું હતું.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાનાર છે. ત્યારે પ્રથમ તબક્કાની ચૂંટણીના મતદાન માટેના પ્રચાર-પ્રસારનો આજે છેલ્લો દિવસ છે. સાંજે ૫ વાગ્યા બાદ પ્રચાર-પ્રસારને બ્રેક લાગી જશે. ત્યારે દરેક ઉમેદવારો છેલ્લી ઘડી સુધી લડી લેવા માંગે છે. એમાં કેટલાંક ઉમેદવારો જોશમાં આવીને હોશ ખોઈ બેસતા હોય છે. અને એ જ કારણ છેકે, આવા ઉમેદવારો કે નેતાઓ તમામ પ્રકારની મર્યાદાઓ નેવે મુકીને ચૂંટણી સભામાં તાળીઓ પડાવવા માટે બેફામ વાણી વિલાસ કરતા હોય છે. વાઘોડિયાના દંબગ નેતા મધુ શ્રીવાસ્તવ પણ આ પ્રકારની પ્રવૃત્તિ અને પ્રકૃતિ માટે જાણીતા છે. અત્યાર સુધી તેઓ ભાજપની ટિકિટ પરથી અહીંથી ધારાસભ્ય તરીકે ચૂંટાતા આવ્યાં છે. જોકે, આ વખતે ભાજપે ટિકિટ ન આપતા તેમણે અપક્ષ ઉમેદવારી કરી છે. અને ભાજપના ઉમેદવારને નિશાન સાથે ને તેઓ બેફામ અપશબ્દોનો પ્રયોગ કરતા જોવા મળી રહ્યાં છે. હાલ આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છેકે, આ પહેલાં મધુ શ્રીવાસ્તવે વિવાદિત નિવેદન આપતા કહ્યું હતુંકે, જો કોઈ મારા મતદારનો કોલર પકડશે તો તેને ગોળી મારી દઈશ. અગાઉ ઘરમાં ઘુસીને મારીશ અને એવા પ્રકારના લડાઈ ઝઘડા વાળા ઘણાં વિવાદિત નિવેદનો મધુ શ્રીવાસ્તવ આપી ચૂક્યાં છે. મધુ શ્રીવાસ્તવ એક દબંગ નેતા તરીકેની છાપ ધરાવે છે. જોકે, આ વખતે ભાજપમાં તેમની દબંગાઈ ચાલી નહીં. અને પાર્ટીએ તેમને બહારનો રસ્તો બતાવ્યો. એ જ કારણે તેઓએ ભાજપમાંથી રાજીનામું આપીને અપક્ષ ઉમેદવારી કરવી પડી.

વિધાનસભાની ચૂંટણીને આડે ગણતરીના દિવસ બાકી

ભડકાઉ ભાષણ બદલ ભાજપના નેતા સામે એફઆઈઆર નોંધાઈ

મનોજ પટેલે ભાજપના ઉમેદવાર રાજુલ દેસાઈની સભામાં મંદિર-મસ્જિદને લઈને આપેલા ભડકાઉ ભાષણ બદલ ફરિયાદ નોંધવામાં આવી

પાટણ, તા.૨૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે દરેક રાજકીય પક્ષો જોર શોરથી પ્રચાર પ્રસાર કરી રહ્યા છે. દરેક પક્ષોના ઉમેદવારો મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ગુજરાત ચૂંટણીને લઈ આજે સાંજથી પ્રથમ તબક્કાના મતદાન માટે પ્રચાર પડઘમ શાંત થઈ જશે. ત્યારે મતદારોને આકર્ષવા માટે ભાજપના એક નેતાએ પાટણમાં ભડકાઉ ભાષણ આપ્યુ હતુ. જોકે, સભામાં ભડકાઉ ભાષણ બદલ ભાજપના કોર્પોરેટર મનોજ પટેલ સામે ફરિયાદ નોંધાઈ છે. મનોજ પટેલે ભાજપના ઉમેદવાર રાજુલ દેસાઈની સભામાં મંદિર-મસ્જિદને લઈને આપેલા ભડકાઉ ભાષણ બદલ ફરિયાદ નોંધવામાં આવી છે. મનોજ પટેલે ભાજપ ઉમેદવાર રાજુલ દેસાઈની ચૂંટણી સભામાં ભડકાઉ ભાષણ આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે, મંદિર બનાવવું હોય તો ભાજપમાં રહેજો અને મસ્જિદ બનાવવી હોય તો કોંગ્રેસમાં રહેજો. આ ભડકાઉ ભાષણને લઈને મનોજ પટેલ સામે એફઆઈઆરનોંધવામાં આવી છે. ચૂંટણીના મદદનીશ નોડલ અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ભડકાઉ ભાષણનો મનોજ પટેલનો વીડિયો પણ વાયરલ થયો હતો.

મનોજ પટેલે સભામાં માણસોની હાજરીમાં ધાર્મિક ભાવનાઓ દુભાઈ અને કોમ-કોમ વચ્ચે વેમનશ્ય પેદા થાય તેવા શબ્દોનું ઉચ્ચારણ કર્યુ હતું. તેમના આ ભડકાઉ ભાષણનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ ભડકાઉ ભાષણનાં સમગ્ર વીડિયોને લઈ એ.ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે

પ્રથમ તબક્કા માટે ૮૯ બેઠકો પર કશ્મેકશ જંગ

સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતની બેઠકો માટે ૭૮૮ ઉમેદવારો મેદાનમાં : ૧,૦૬,૯૬૩ કર્મચારીઓ-અધિકારીઓ ચૂંટણી ફરજમાં જોતરાયા

ગાંધીનગર, તા. ૨૯

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે અંતિમ ક્ષણોનું પ્રચારકાર્ય જોરશોરથી ચાલી રહ્યુ છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો માટે કશ્મેકશ જંગ ખેલાશે. ચૂંટણી આયોગે પણ પોતાની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. ૨૫,૪૩૦ મતદાન મથકો પર ૧,૦૬,૯૬૩ કર્મચારીઓ-અધિકારીઓ ચૂંટણી ફરજમાં રોકાશે.

પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટે ૭૧૮ પુરૂષ અને ૭૦ મહિલા ઉમેદવારો મળી કુલ ૭૮૮ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે. ૨,૩૯,૭૬,૬૭૦ મતદારો પૈકીના ૫,૭૪,૫૬૦ મતદારો પ્રથમ વખત વોટીંગ કરશે, જ્યારે ૯૯ વર્ષથી વધુ વયના ૪,૯૪૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

કેટલાક એનઆરઆઈ મતદારો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા ગુજરાત આવી રહ્યા છે. ૧૬૩ એનઆરઆઈ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૯,૦૧૪ મતદાન મથકો, શહેરી વિસ્તારમાં અને ૧૬,૪૧૬ મતદાન મથકો ગ્રામ્ય વિસ્તારમાં ઉભા કરવામાં આવ્યા છે. દરેક બેઠક પર એક મોડલ મતદાન મથક, એક દિવ્યાંગ સંચાલિત મતદાન મથક, એક ઈકો ફ્રેન્ડલી મતદાન મથક રહેશે. ૧૮ મતદાન મથકો યુવા સંચાલિત અને ૬૧૧ મતદાન મથકો સખી મતદાન મથકો રહેશે.

ચૂંટણી સંચાલન માટે અને કાયદો વ્યવસ્થાની જાળવણી માટે કર્મચારીઓની વિશાળ ફોજને રોકવામાં આવી છે. ૧,૦૬,૯૬૩ કર્મચારીઓ-અધિકારીઓ પૈકી ૨૭,૯૧૮ પ્રિસાઈડીંગ ઓફિસર્સ અને ૭૮,૯૮૫ પોલીંગ સ્ટાફ ચૂંટણી ફરજ નીભાવશે. મતદાનના દિવસે કામદારોને સવેતન રજા આપવાની રહેશે.

લિંબાયતમાં ત્રણ અને મોરબીમાં બે બેલેટ યુનિટ વપરાશે

ગાંધીનગર, તા. ૨૯

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ચકાસણી બાદ ૭૮૮ ઉમેદવારો ચૂંટણી જંગ માટે લાયક ઠર્યા છે. ૩૯ જેટલા વિવિધ રાજકીય પક્ષોની સાથોસાથ અપક્ષ ઉમેદવારોએ પણ ચૂંટણીજંગમાં ઝંપલાવ્યુ છે. સૌથી વધુ ઉમેદવારો લીંબાયત અને મોરબી બેઠક પર નોંધાયા છે. સુરતના લિંબાયતમાં ૪૪ અને મોરબીમાં ૧૭ ઉમેદવારો ચૂંટણીજંગમાં સામેલ બન્યા છે. મોરબીના ૧૭ ઉમેદવારો માટે ૨ બેલેટ યુનિટ અને લિંબાયતના ૪૪ ઉમેદવારો માટે ૩ બેલેટ યુનિટ વપરાશે.

બોટાદમાં ભાજપ ઉમેદવારના પ્રચારમાં કિર્તિદાન ગઢવીનો ડાયરો

બોટાદ, તા.૨૯

પ્રથમ તબક્કાના મતદાન માટે છેલ્લી ઘડીઓનો પ્રચાર ચાલી રહ્યો છે. બોટાદમાં ભાજપના ઉમેદવારની પ્રચાર સભામાં કિર્તિદાન ગઢવીનો ડાયરો યોજાયો હતો. જેમાં કમો કોઠારિયાએ પણ લોકોમાં આકર્ષણ ઉભું કર્યું હતું. સભામાં ભાજપના ઉમેદવાર ઘનશ્યામ વિરાણીને મત આપવા અપીલ પણ કરાઈ હતી. બોટાદ ૧૦૭ વિધાનસભા બેઠક ભાજપના ઉમેદવાર ઘનશ્યામ વિરાણીના સમર્થનમાં કીર્તિદાન ગઢવીનો લોક ડાયરો યોજાયો હતો. કમો કોઠારીયા પણ ભાજપના ઉમેદવારના સમર્થનમાં આવેલો હોવાથી લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. મોટી સંખ્યામાં લોકો ડાયરા સાથે કમાને જોવા હાજર રહ્યા હતા. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવાર જીતવા માટે અવનવા આયોજન કરતા હોય છે તો ક્યાંક સમર્થકો

દ્વારા પણ નવતર પ્રયોગ સાથે વધુને વધુ પ્રચાર થઈ શકે તેવા આયોજન થતા હોય છે. ૧ ડિસેમ્બરના રોજ મતદાન યોજવાનું છે, જેને હવે માત્ર બે દિવસ બાકી છે ત્યારે બોટાદના નામી બિલ્ડર શ્રીજી આનંદધામ ડેવલોપર્સ ગ્રુપ દ્વારા કીર્તિદાન ગઢવીના ડાયરાનું આયોજન બોટાદના કાઠિયાવાડ જિન ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં બોટાદ ૧૦૭ વિધાનસભાના ભાજપના ઉમેદવાર ઘનશ્યામ વિરાણીને મત આપવા અને જીત અપાવવા અપીલ કરાઈ હતી. હાલ લોકડાયરામાં કમો કોઠારીયા લોકોના આકર્ષણ નું કેન્દ્ર બન્યો છે.

આજે યુનિપાર્ટસ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ ખુલશે

લઘુત્તમ ૨૫ ઈક્વિટી શેર્સ અને તે પછી ૨૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે

અમદાવાદ, તા.૨૯

યુનિપાર્ટસ ઈન્ડિયા લિમિટેડ (યુઆઈએલ અથવા કંપની) એ બુધવાર તા.૩૦ નવેમ્બર ૨૦૨૨ના રોજ રૂા.૧૦ની મુળ કિંમતનો એક (ઈક્વિટી શેર્સ) એવા ૧૪,૪૮૧,૯૪૨ ઈક્વિટી શેર્સ સુધીની ઈનિશિયલ પબ્લિક ઓફરીંગ (આઈપીઓ) ખુલ્લો મુકવાની દરખાસ્ત કરી છે. જેમાં ધ કરણ સોની ૨૦૧૮-સીજી-એનજીને વાડા ટ્રસ્ટના ૧૧,૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સ, ધ મહેર સોની ૨૦૧૮-સીજી એનજીને વાડા ટ્રસ્ટના ૧૧,૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સ, પમેલા સોની (સામુહિક રીતે પ્રમોટર ગ્રુપ સેલિંગ શેરહોલ્ડર્સ) દ્વારા ૨૨,૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સ, અશોકા ઈન્વેસ્ટમેન્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (અશોકા) દ્વારા ૭૧,૮૦,૬૪૨ ઈક્વિટી શેર્સ અને અંબાદેવી મોરેશિયસ હોલ્ડિંગ્સ લિમિટેડ (અંબાદવી) ના ૨૧,૫૪,૧૯૨ ઈક્વિટી શેર્સ (અશોકા અને અંબાદેવી બંને સાથે ઈન્વેસ્ટર્સ સેલિંગ શેરહોલ્ડર્સ-તરીકે ઓળખાશે) અને એન્ડુ વોરેન કોડના ૧,૭૭,૩૭૮ ઈક્વિટી શેર્સ, જેમ્સ નોર્મન હેલેનના ૧,૭૭,૩૭૮ ઈક્વિટી શેર્સ, કેવિન જ્હોન કોડના ૧,૭૭,૩૭૮ ઈક્વિટી શેર્સ, ડેનિસ ફ્રાન્સિક ડેડેકરના ૫૭,૪૨૦ ઈક્વિટી શેર્સ, મેલ્વિન કિથ ગિબ્સના ૪૧,૭૩૦ ઈક્વિટી શેર્સ, વોલ્ટર જેમ્સ ગ્રુબરના ૨૪,૭૦૬ ઈક્વિટી શેર્સ, વેન્ડી રિચર્ડ હમ્મેનના ૨૧,૫૫૬ ઈક્વિટી શેર્સ, માર્ક લુઈસ ડાઉસનના ૨૯,૮૭૦ ઈક્વિટી શેર્સ, બ્રેડલી લોરેન્ઝ મિલરના ૧૬,૩૬૬ ઈક્વિટી શેર્સ, મેરી લુઈસ અર્પના ૧૦,૪૪૦ ઈક્વિટી શેર્સ, લિન કેગ દ્વારા ૮,૩૪૦ ઈક્વિટી શેર્સ, માર્ક ક્રિસ્ટોફર ડોરાઉના ૭,૭૧૦ ઈક્વિટી શેર્સ, કેગ એ જ્હોન્સનના ૫,૦૧૦ ઈક્વિટી શેર્સ અને મિસ્ટી મેરી ગ્રેસિયાના ૮૨૬ ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે. (સાથે મળીને, ઈન્ડિવિડ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર્સ અને પ્રમોટર ગ્રુપ સેલિંગ શેરહોલ્ડર્સ અને ઈન્વેસ્ટર સેલિંગ શેર હોલ્ડર્સ ભેગાં મળીને સેલિંગ શેરહોલ્ડર્સ) (ધ ઓફર ફોર સેલ અથવા ઓફર) ઓફરમાં પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલ ૩૨.૦૯ ટકા થશે. ઓફર શુક્રવાર, ૨ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ બંધ થશે.

જોખમી આવાસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવાયા છે, પરંતુ તે કામ રાતોરાત પુરા થઈ શકે તેમ નથી. બીજી બાજુ નવી આવાસ યોજનાઓ માટે જરૂરી જગ્યા પણ ઉપલબ્ધ કરવાની હોવાથી ભયજનક આવાસો તોડવા માટે તબકાવાર તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી રહી છે.

૫૦૫ ઉમેદવારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એસોસીએશન ફોર ડેમોક્રેટીક રિફોર્મ્સ દ્વારા જારી કરાયેલ અહેવાલમાં જણાવ્યા પ્રમાણે બીજા તબક્કામાં કોંગ્રેસના ૨૯, આમ આદમી પાર્ટીના ૨૯ અને ભાજપના ૧૮, બીટીપીના ૪ ઉમેદવાર સામે અલગ અલગ ગુના નોંધાયેલા છે.

આ ઉમેદવારોમાંથી બીટીપીના ૧, કોંગ્રેસના ૧૦, આમ આદમી પાર્ટીના ૧૭ અને બીજેપીના ૧૪ ઉમેદવારો સામે ગંભીર ગુના નોંધાયેલા છે.

રજૂ કરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એવિડન્સની ચકાસણી કરવામાં આવે છે. જે અંતર્ગત ગત તા. ૨૫મી નવેમ્બરના રોજ પ્રથમ તબક્કામાં સંલગ્ન ખર્ચ નિરીક્ષક સમક્ષ ગાંધીનગર મતવિસ્તારના કુલ-૫૦ ઉમેદવારો પૈકી ૩૭ (સાડત્રીસ) ઉમેદવારો દ્વારા ખર્ચના હિસાબ, શેડો રજિસ્ટર તથા ફોલ્ડર ઓફ એવિડન્સની ચકાસણી કરવામાં આવી હતી. જ્યારે આ બેઠકમાં ગેરહાજર રહેલા ૧૩ ઉમેદવારોને ખર્ચના હિસાબો રજૂ કરવા નોટિસ પાઠવી જણાવવામાં આવ્યું છે.

જે અંતર્ગત ખર્ચ નિરીક્ષકશ્રીઓ દ્વારા ૩૪- દહેગામના અપક્ષ ઉમેદવાર શ્રી અમૃતભાઈ પુરૂષોત્તમભાઈ પટેલ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર શ્રી વખતસિંહ અમરતસિંહ ચૌહાણ, ૩૫-ગાંધીનગર(દ)ના અપક્ષ ઉમેદવાર શ્રી કેયુર ચીમનભાઈ આચાર્ય, શ્રી ધર્મેન્દ્રકુમાર ચીમનભાઈ સોલંકી અને વિનોદકુમાર કચરાભાઈ સોલંકી, ૩૬- ગાંધીનગર(ઉત્તર)ના ઉમેદવાર શ્રી મહેન્દ્રભાઈ સોમાભાઈ પટ્ટણી, શ્રી પઠાણ મોહમ્મદ ઈઝહારખાન અલદાદખાન, પઠાણ મહમદ ફારૂખ બિસ્મિલ્લાખાન, ૩૭- માણસાના બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર શ્રી નરેશભાઈ મુળજીભાઈ પરમાર, અપક્ષ ઉમેદવાર શ્રી અશ્વિનભાઈ તલાજી ઠાકોર અને ભરતકુમાર અમરાજી ઠાકોર અને ૩૮-કલોલમાં અપક્ષ ઉમેદવાર શ્રી રજનીકાન્ત અંબાલાલ પટેલ અને શ્રી કનૈયાલાલ કેશવલાલ પ્રજાપતિને નોટિસ આપવામાં આવી હોવાનું ખર્ચ મોનિટરિંગ સેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

પડઘમ શાંત

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. જ્યારે કુલ ૨ કરોડ ૩૯ લાખ ૭૬ હજાર ૬૭૦ મતદારો વોટ આપશે. ૧ કરોડ ૧૫ લાખ ૪૨ હજાર ૮૧૧ મહિલા મતદારો મતદાન કરશે. ૧ કરોડ ૨૪ લાખ ૩૩ હજાર ૩૬૨ પુરુષ મતદારો મતદાન કરશે. જ્યારે પ્રથમ તબક્કાના મતદાન માટે આખરી ઓપ અપાઈ રહ્યો છે.

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે, ત્યારે ૧૯ જિલ્લામાં પ્રથમ તબક્કાના મતદાનને લઈ મુખ્ય ચૂંટણી અધિકારીએ માહિતી આપી હતી. સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી મતદારો મતદાન કરી શકશે. જેમને લઈ મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ મતદાનનો અધિકાર ધરાવતા તમામને મતદાન કરવાની અપિલ કરી હતી.

ડ્રોન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈઆઈટી મંડીના જણાવ્યા મુજબ બોન-વી એરો સ્ટાર્ટઅપ આઈઆઈટી મંડીના સહયોગથી ૨૦૦ કિલો વજન ઉપાડી શકે તેવું ડ્રોન બનાવી રહ્યું છે. આ ડ્રોનનું આઈઆઈટી કેમ્પસમાં જ એક બિલ્ડિંગથી બીજી બિલ્ડિંગમાં ટ્રાયલ કરવામાં આવશે. આઈઆઈટી મંડી છેલ્લા એક વર્ષથી આ સ્ટાર્ટઅપને ટેકો આપી રહી છે.

આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટીટીપી જેને પાકિસ્તાની તાલિબાન તરીકે પણ ઓળખવામાં આવે છે. તેણે કહ્યું કે, તે પાકિસ્તાન સરકારના સતત હુમલાઓને કારણે યુદ્ધવિરામનો અંત લાવી રહી છે. જૂનમાં બંને પક્ષો તેમના યુદ્ધવિરામને અનિશ્ચિત સમય સુધી લંબાવવા માટે સંમત થયા હતા. સોમવારે એક નિવેદનમાં ટીટીપીએ કહ્યું કે, મુજાહિદ્દીન (આતંકવાદીઓ) વિરૂદ્ધ વિવિધ વિસ્તારોમાં સૈન્ય કાર્યવાહી ચાલી રહી હોવાથી તમારા માટે જરૂરી છે કે, તમે દેશભરમાં જ્યાં પણ કરી શકો ત્યાં હુમલા કરો.

સ્પષ્ટ ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્ટનો સંપર્ક કરી શકે છે. દાવો દાખલ કરી શકે છે. એફિડેવિટમાં કહેવામાં આવ્યું છે કે, બેદરકારી અંગેના આવા કેસ દરેક કેસના આધારે દાખલ કરી શકાય છે. અરજદાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કોલિન ગોન્સાલ્વેસે કહ્યું કે, જો રસીના જોખમો વિશે જાણ કર્યા પછી સંમતિ લેવામાં આવી હોત તો આ મૃત્યુ ન થયા હોત. તેના પર કેન્દ્રએ કોર્ટને કહ્યું કે, રસી જેવી દવાઓના સ્વૈચ્છિક ઉપયોગ પર સંમતિનો પ્રશ્ન લાગુ પડતો નથી. કેન્દ્ર સરકારે એફિડેવિટમાં એ પણ સ્પષ્ટ કર્યું છે કે, કોવિડ-૧૯ની રસી મેળવવી કાયદેસર રીતે ફરજિયાત નથી.

મતદારો માટે ઉપયોગી વેબસાઈટ્સ

National Voters Service Portal (NVSP) - www.nvsp.in

- મતદારયાદી ડાઉનલોડ કરવા અને મતદારયાદીમાં પોતાનું નામ શોધવા માટે
- e-EPIC ડાઉનલોડ કરવા માટે
- તમારા મતવિસ્તારની વિગતો જાણવા માટે
- તમારા વિસ્તારના BLO અને મતદાન નોંધણી અધિકારીની વિગતો મેળવવા માટે

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાતની વેબસાઈટ - ceo.gujarat.gov.in

- ઉમેદવારોના ફોટોગ્રાફ્સ, શૈક્ષણિક લાયકાત, મિલકતો અને ગુનાહિત ઈતિહાસ સહિતની માહિતી મેળવવા માટે
- મતદાન મથકોની યાદી અને મતદાર યાદી સંબંધિત માહિતી મેળવવા માટે

મતદારો માટે ઉપયોગી મોબાઈલ એપ

Voters Helpline App:

- પોતાનું મતદાન મથક શોધવા માટે
- ઉમેદવારની માહિતી મેળવવા માટે
- તબક્કાવાર ચૂંટણી પરિણામો જાણવા માટે
- EVM વિશેની વિગતો મેળવવા માટે

Know Your Candidate:

- ઉમેદવારોના ફોટોગ્રાફ્સ, શૈક્ષણિક લાયકાત, મિલકતો અને ગુનાહિત ઈતિહાસ સહિતની માહિતી મેળવવા માટે

c.VIGIL App:

આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાવવા

PwD App:

- દિવ્યાંગ મતદાર તરીકે નોંધણી કરાવવા
- વ્હિલચેરની સુવિધા મેળવવા માટે
- પોતાના મતદાન મથકનું સ્થળ જાણવા